**એસસીડબલ્યુ-31, સમરસ કન્યા છાત્રાલય, ગાંધીનગરના મકાન બાંધકામ માટેના રૂ.૫૫.૪/-કરોડના બ્લોક અંદાજને વહીવટી મંજૂરી આપવા બાબત**

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: **SJED/SHC/e-file/17/2025/2711/K Section**
સચિવાલય, ગાંધીનગર
તા.**As Per E-sign.**

વંચાણમાં લીધા:

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૧/૦૪/૨૦૨૫ના ઠરાવ ક્રમાંક: **SJED/MSM/e-file/17/2024/2695/G Section**

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્યનો તા.૧૪/૦૫/૨૦૨૫ નો પત્ર ક્રમાંક: અ.જા.ક./ગ/સછા/૨૦૨૫-૨૬/૨૬૪૩-૪૪

પ્રસ્તાવના:

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના આ વિભાગના તા.૦૧/૦૪/૨૦૨૫ ના ઠરાવથી સમરસ કન્યા છાત્રાલય, ગાંધીનગરના મકાન બાંધકામની ચાલુ બાબતને વર્ષ: ૨૦૨૫-૨૬ માટે રૂ.૧.૦૦/- કરોડ ટોકન જોગવાઈ કરી ચાલુ રાખવા માટેની વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી.

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના વંચાણે લીધેલ ક્રમાંક (૨ )ના પત્રથી ગાંધીનગર ખાતે સમરસ કન્યા છાત્રાલયના મકાન બાંધકામ માટેના રૂ.૫૫.૪/- કરોડના બ્લોક એસ્ટીમેટને વહીવટી મંજૂરી આપવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ છે. સદર દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠ રા વ:

૨. કાળજીપૂર્વક વિચારણાને અંતે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા સમરસ કન્યા છાત્રાલય ગાંધીનગરના બાંધકામ માટે મોકલી આપવામાં આવેલ રૂ.૫૫.૪/- બ્લોક અંદાજને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:-

(૧) બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા તાત્કાલીન પ્રવર્તમાન **S.O.R** મુજબ નકશા-અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે. સદર બાંધકામ અંગેની ટાઇપ ડીઝાઇન માર્ગ અને મકાન વિભાગ પાસેથી અથવા નિયત થયેલ સંસ્થા પાસેથી તૈયાર કરવાની રહેશે.

(૨) બાંધકામના કામોમાં **P.W.D.** મેન્યુઅલની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૩) આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાના રહેશે.

(૪) રેલ્વે, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવા જરૂરી કલીયરન્સ મેળવવામાં જો વિલંબ થવાનું જણાય તો વર્કઓર્ડર આપતાં પહેલાં નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા જરૂરી ચોકસાઈ કરી લેવાની રહેશે.

(૫) આ કામની ડિઝાઇન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬) મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.

(૭) બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરીથી જો કોઈ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.

(૮) આ બાંધકામ **Recapitulation Sheet** પ્રમાણે દર્શાવેલ અંદાજોની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૯) સૂચિત કામો પૈકી જે કામો **MNREGA** હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ **MNREGA** યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની વિભાગે તકેદારી રાખવાની રહેશે.

(૧૦) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યનાં સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૧૧)આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૧૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે

(૧૩)આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૧૪) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે. જે હેતુ માટે

બજેટ જોગવાઈ કરવામા આવી છે તે હેતુ માટે જ ખચ કરવાનો રહેશે.

(૧૫) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૬) આ અંદાજમાં સૂચવેલ કામો મુજબ જ કામ કરવાનું રહેશે, અને જે કામો થાય તેનું જ ચુકવણું કરવાનું રહેશે.

(૧૭) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૩/૦૬/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૮) જો બાંધકામ શરૂ કરતા પહેલા યુટીલીટી, પાણીની લાઇન, ગટરની લાઇન અને વીજ લાઇન વગેરે ખસેડવા પાત્ર હોઇ તેમજ વન વિભાગની જમીનમાં કામ કરવા માટે સક્ષમ અધિકારીની પૂર્વ મંજૂરી મેળવવાની હોય તો આ તમામ કામગીરી પૂર્ણ કર્યા પછી જ ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવાની રહેશે. અન્યથા મંજૂરી અભાવે ઇજારદારશ્રી દ્વારા અધુરા કામે મુક્ત કરવા માટે રજૂઆત કરવામાં આવશે તો તે અંગેની સઘળી જવાબદારી વિભાગની રહેશે.

(૧૯) આ યોજના ના આયોજન અને અમલીકરણ માટે GIDB ના તા:૩૦/૦૩/૨૦૨૨ના પત્ર મુજબ **PM Gati Shakti Gujarat- Integrated Master plan Portal** સાથે **Linkage** કરી **Integration Completion Certificate with unique Project Id** મેળવી લેવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ વિભાગના માંગણી નં-૯૫ મુખ્ય સદર -૪૨૨૫: અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતીઓના કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ, પેટા મુખ્ય સદર-૦૧:અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭: શિક્ષણ, પેટા સદર-૦૩, **SCW-31**, સમરસ કન્યા છાત્રાલયોના મકાનનું બાંધકામ હેઠળવિભાગની ગ શાખા દ્વારા વંચાણે લીધેલ તા.૦૧.૦૪.૨૦૨૫ ના ઠરાવથી વર્ષ: ૨૦૨૫-૨૬ માં ચાલુ બાબત તરીકે મંજૂર કરવામાં આવેલ તા. રૂ.૧.૦૦/-કરોડની જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગનીતા.૦૭/૦૮/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કૌશલ લાંઘણોદા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- Ø માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- Ø માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- Ø અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- Ø અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- Ø સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- Ø નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર.
- Ø નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.
- Ø એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- Ø પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- Ø તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- Ø નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- Ø નાયબ નિયામકશ્રી(અ.જા.), ગાંધીનગર (નિયામકશ્રી(અ.જા.ક.) મારફત)
- Ø સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય.
- Ø સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- Ø સિલેક્ટ ફાઇલ-૨૦૨૫

Signature Not Verified
Signed by: Kaushal C Langhnoda
Section Officer
Date: 2025.09.15 18:10:33 +05:30